# Mission @ Directory

**સુજ્ઞ મહોદયશ્રી,**

સવિનય સાથ જણાવવાનું કે, આજનાં ડીઝીટલ યુગમાં આપણાં સમગ્ર મોઢ સમાજનાં પરિવારોની સંકલિત માહિતી આપણને સૌને Online મળી શકે તેવા ઉમદા હેતુથી મોઢ મહોદયની એડહોક કમિટીની જાન્યુઆરી મહિનામાં મહાબળેશ્વર ખાતે મળેલી મીટીંગમાં નક્કી કરવામાં આવેલ હતું કે, જલ્દીથી આ ભગીરથ કાર્ય સૌ સ્થાનિક મંડળો અને મોઢ સમાજનાં અગ્રણીઓનાં સહકાર દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવે.

આ મીટીંગ દરમ્યાન દરેક મંડળનાં સભ્ય કુટુંબોની યાદી (વસ્તીપત્રક) તાત્કાલિક મોકલવાનું નક્કી કરવામાં આવેલ અને યાદી સંપૂર્ણપણે તૈયાર થયેથી મોઢ મહોદયની વેબસાઇટ ઉપર મુકવાનું નક્કી કરવામાં આવેલ જે સમાજનાં દરેક પરિવારોને અન્ય પરિવારોની માહિતી પ્રાપ્ત થાય. સંપૂર્ણ વસ્તીપત્રક પ્રાપ્ત થતાં મોઢ એપ પણ લોંચ થશે.

આ સાથે ડીરેક્ટરી બનાવવા માટેનું Form આપેલ છે. આપ સૌને વિનંતિ છે કે, આપ સૌ આપના સગાઓને આ વિશે માહિતગાર કરશો અને શક્ય તેટલા વધુને વધુ કુટુંબોની માહિતી સંસ્થા સુધી પહોંચી શકે તેવો પ્રયાસ કરવા ખાસ વિનંતી છે.

તે માટે આ સાથે જરૂરી માહિતી/સૂચનો નીચે આપેલ છે.

(૧) મોઢ મહોદયનાં સભ્ય હોય કે ન હોય તેવા તમામ મોઢ સમાજનાં દેશ-વિદેશમાં વસતાં સૌ કુટુંબની વિગતો અહીં આપેલ ફોર્મમાં ભરવાની છે.

(૨) દરેક શહેરનાં વિવિધ સ્થાનિક મંડળોએ પણ પોતાના સભ્ય પરિવારોની વિગત આ આપેલ Excel Format મુજબ ભરીને E-mail કરવા વિનંતી.

(૩) જે કુટુંબ સ્થાનિક મંડળમાં સભ્ય હોય તેઓએ પોતાના ફોર્મ જે તે મંડળને આપવાનાં છે. અન્ય સભ્યો સંસ્થાને E-mail અથવા પોસ્ટથી મોકલી આપે.

(૪) ફોર્મમાં આપેલ સંપૂર્ણ વિગત સુવાચ્ય અક્ષરે ભરવાની છે.

(૫) ફોર્મની Word Fileની લીંક મોઢ મહોદયની વેબસાઇટ પર મળી રહેશે. તેમાંથી Download કરી એ જ ફોર્મ ભરીને E-mail કરી શકાશે.

(૬) દરેક મોઢ પરિવાર અને મોઢ સમાજનાં સ્થાનિક મંડળો E-mail નીચેનામાંથી કોઇપણ મેઇલ પર કરી શકશે.

| | નામ | Mobile | E-mail |
|---|---|---|---|
| (૧) | શ્રી હર્ષદભાઈ શાહ | 9824023069 | modhmahoday1917@gmail.com, harshadshah47@gmail.com |
| (૨) | શ્રી દિપકભાઈ ધોળકિયા | 9824242498 | dpk.dholakia@gmail.com |
| (૩) | શ્રી અરવિંદભાઈ પરીખ | 9725520052 | arvind.parikh@gmail.com |
| (૪) | શ્રી જગદીશભાઈ શાહ | 9825012871 | info@modhmitramandal.org |

(૭) આ સાથે ટૂંક સમયમાં સમગ્ર મોઢ સમાજ માટે Matrimonial, Business (B2B), Job Portal જેવી સુવિધાઓ વેબસાઇટ તથા મોબાઇલ એપમાં શરૂ કરવામાં આવશે તો સૌને અમારી નમ્ર વિનંતી છે કે, સૌ પોતાનાં ફોર્મ તા.૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં મોકલી આપશો.

(૮) ડીરેક્ટરી તૈયાર થયા પછી દરેક પરિવારને તેમનાં E-mailમાં તેમનો User ID-Password મોકલી આપવામાં આવશે. જેથી સમગ્ર મોઢ સમાજની માહિતીનો લાભ સૌ કોઇને ઘરે બેઠા મળી શકે.

(૯) તે જ રીતે Matrimonialમાં Access કરવા માટે જે યુવક-યુવતીઓએ પોતાનાં Biodata રજીસ્ટર્ડ કર્યા હશે તેઓ તેમનાં User ID-Passwordની મદદથી અન્ય બાયોડેટા જોઇ શકશે.

(૧૦) B2B તથા Job Portal સમગ્ર મોઢ સમાજ માટે ઉપલબ્ધ રહેશે.

(૧૧) સૌથી અગત્યની વાત આ ફોર્મ સાથે સૌ પરિવાર દીઠ એક Whatsapp No. અવશ્ય લખાવશો. જેથી આગામી કાર્યક્રમો, સૂચનાઓ, માહિતીઓ સૌને એકસાથે મોકલી શકાય.

આપ સૌનાં સાથ-સહકારની અપેક્ષા સહ... આભાર...

**શ્રી હર્ષદભાઈ શાહ**
**પ્રમુખશ્રી**

**શ્રી અરવિંદભાઈ પારેખ**
**કન્વીનર**

**શ્રી દીપકભાઈ ધોળકિયા**
**મંત્રીશ્રી**